**ફોજદારી પર. અરજી નં. ૨૨૨/૨૦૨૫**

**ઈડર પો.સ્ટે. ગુ., રજી. નં. ૦૯૮૭/૨૦૨૫**

**<u>-: મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ :-</u>**

(૧) **અરજદાર :- દિલીપ હમીરા** નાઓ ધ્વારા પોહીબીશન એકટ કલમ-૬૫(એ) (ઈ), ૮૧, ૮૩ મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદામાલ **ટી.વી.એસ. મોટર્સ કંપની લી. ની ટી.વી.એસ. જ્યુપીટર-૧૨૫ સ્કુટર ખરીદ કરેલ હતુ જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નં. RJ-12-N.S-9579 છે.** જે પરત મેળવવા અરજદાર ધ્વારા હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૨) અરજદાર પક્ષ્ના વિ.વ.શ્રી. ની અરજી મુજબની રજુમાત છે તેમજ મુદામાલ વાહન અરજદારને શરતોને આધિન પરત સોંપવા વિનંતી કરેલ છે.

(૩) શ્રી સરકાર પક્ષે વિ.એ.પી.પી. શ્રી ની રજુઆત છે કે, આ કામે મુદ્દામાલ વાહન માંથી દારૂનો મુદામાલ મળી આવેલ છે. જે મુદામાલ **૨૦ લીટર** કરતા વધુ હોય કાયદા મુજબ નામદાર કોર્ટમાં મુદામાલ છોડવાની સત્તા નથી. વાહન પરત કરવા હુકમ કરવા અત્રેની કોર્ટને સત્તા ન હોઈ મુદામાલ અરજી ના-મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) અરજદારની અરજી અન્વયે સાધનિક રેકર્ડ તથા અરજદાર ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો, આ કામના મુદામાલ વાહનનો ઉપયોગ દારૂની હેરફેર માટે થયેલ હોવાનું કેસ પેપર્સ ધ્યાને લેતા જણાય છે. જે ૨૦ લીટર ઉપરાંતનો છે. પ્રોહીબીશન એકટ અન્વયે નિયત થયેલ કાયદા થી વિશેષ માત્રામાં મુદામાલ દેશી દારૂ વાહનમાંથી પકડાયેલ હોઈ **પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઈ), ૮૧, ૮૩** ની જોગવાઈ વ્યાને લઈ તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પરેશકુમાર જયકરભાઈ બ્રહમભટ્ટ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૮(૧) જી.એલ.એચ. 535 માં આ બાબતે પ્રતિપાદીત કરવામાં આવેલ કાનુની ચુકાદામાં સ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા અત્રેની અદાલતને સી.આર.પી.સી. ૧૯૭૩ ની કલમ-૪૫૧ હેઠળ નિયત જથ્થા કરતા વધારે જથ્થામાં પકડાયેલા વાહનને મુકત કરવાની સત્તા પ્રાપ્ત થતી ન હોઈ અરજદારની અરજી કાયદાકીય રીતે તેમજ કાનુની ચુકાદામાં સ્થાપિત સિધ્ધાંતોના અન્વયે ગ્રાહય રાખવા પાત્ર ન હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-: હુકમ :-**

અરજદાર અરજી આથી **ના-મંજુર** કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૧૧/૨૦૨૫

**(રોહીત જીવણભાઈ પરમાર)**
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઈડર - સાબરકાંઠા
(કોડ નં. જી.જે. ૦૧૦૦૩)